## જન્મદિને વધામણી



ચંદ્રકાન્ત મહેતા
મો. ૯૪૨૭૦ ૦૫૦૧૯


સૌમ્ય ભાવિન પટેલ


સતિશ પ્રજાપતિ


હરિસિંહ કે માજીરાણા
મો. ૮૩૪૭૧ ૮૨૯૯૪

# ઈન્ફોસિટી સ્કૂલમાં ડાયટ ફૂડ સેમિનાર





ગાંધીનગર, તા. ૧૩

ઈન્ફોસિટી સ્કૂલમાં ડાયટ ફૂડ માટેનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં ડૉ. પૂજાબેન બ્રહ્મભટ્ટે હાજરી આપી હતી કે જેઓ યુ એન મહેતા હૉસ્પિટલ, અમદાવાદ ખાતે કાર્યરત છે. તેમણે આજની ભાવિ પેઢીને રોજિંદા જીવનમાં કેવો તંદુરસ્ત આહાર લેવો તેમજ કસરત વિશેની સમજ પૂરી પાડી હતી. આપણા જીવનમાં તંદુરસ્ત આહારનું કેટલું મહત્ત્વ છે તેમજ કેવા ખોરાકથી શરીરને નુકસાન થાય તેની સમજ આપી હતી. આ ઉપરાંત વિદ્યાર્થીઓના તેમજ શિક્ષકોના ઘણાખરા પ્રશ્નોના ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી જવાબો તેમણે આપ્યા હતા.


ઈન્ફોસિટી સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી દલસાણીયા સર તથા પ્રમુખ વૈષ્ણવ સર પણ હાજર રહ્યા હતા. આ સંપૂર્ણ કાર્યક્રમ પ્રિન્સિપાલ પ્રવીણાબેન અને સુપરવાઈઝર દિપ્તીબેનના નેતૃત્વ હેઠળ તેમજ તમામ શૈક્ષણિક સ્ટાફના શિક્ષક મિત્રોના સંપૂર્ણ સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા

# આનંદલક્ષી શિક્ષણ વિષયે વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ એજ્યુકેશનની એસ એસ પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આર એચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીએડ કૉલેજ તેમજ વકીલ શ્રી ડી એચ પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન ખાતે વિદ્યાર્થીઓને આનંદલક્ષી શિક્ષણનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.



આ વ્યાખ્યાનમાં ઉપસ્થિત તજજ્ઞ સુરેશભાઈ પટેલે હંમેશાં શીખતાં રહેવું જોઈ, વિદ્યાર્થીને અભ્યાસમાં રસ કઈ રીતે પાડી શકાય, સ્કિલ ડેવલપમેન્ટ, શીખવવા માટેની પદ્ધતિ, વાતાવરણ, શીખવવાનો ઉત્સાહ, જીવનમાં તણાવમુક્ત કઈ રીતે રહી શકાય, વર્તમાન પરિસ્થિતિમાં કઈ રીતે આનંદ મેળવવો, એકબીજાના પૂર્વગ્રહો, સંબંધો કઈ રીતે સુધારવા, આત્મવિશ્વાસમાં વધારો કઈ રીતે કરી શકાય, વ્યક્તિના કામની પ્રશંસા કઈ રીતે કરવી, હકારાત્મક અને નકારાત્મક વિચારો વગેરે વિશે તાલીમાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અજયભાઈ રાવલ અને ડૉ. વિભાબેન દ્વિવેદીએ કર્યું હતું.



એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના ચિત્ર શિક્ષક પંકજભાઈના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ પ્રદૂષણ મુક્ત પર્યાવરણ થાય તે હેતુથી ઈકો ફ્રેંડલી મુર્તિ બનાવી હતી. આ મૂર્તિઓ બાળકને વિતરણ કરવામાં આવી હતી. આ મૂર્તિનું વિતરણ બાળકોને ડ્રો સિસ્ટમ દ્વારા કરવામાં આવ્યું હતું. બાળકોને પ્રતિજ્ઞા લેવડાવી હતી કે અમે હવે 'પ્લાસ્ટર ઓફ પેરિસ'ની મૂર્તિની જગ્યાએ માટીની મુર્તિનો ઉપયોગ કરીશું.પી.ઓ.પી.થી થતાં પાણીના પ્રદૂષણને અટકાવવા માટે આ શાળા તરફથી સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો.


શ્રીમાળી બ્રહ્મસમાજ ગાંધીનગર તરફથી સમૂહ યજ્ઞોપવીત કાર્યક્રમ સેકટર ૩-ડી રામેશ્વર મંદિર ખાતે યોજાયેલ હતો.

## દુનિયામાં જળવાયુ પરિવર્તન હવે એક ખતરો બની ગયું

ગાંધીનગર, તા. ૧૩

યુનાઈટેડ નેશન્સના સેક્રેટરી જનરલ એન્ટાનિયો ગુટારેશે કહ્યુ છે કે દુનિયામાં જળવાયુ પરિવર્તન હવે એક એવો ખતરો બની ગયો છે જ્યાંથી પાછા આવવાનો કોઈ સવાલ નથી. ગુટારેશે આ સાથે જ હાલમાં કેરળમાં આવેલા પૂર અને ગયા વર્ષે પ્યૂર્ટો રિકોમાં આવેલા ભયાનક તોફાનનું પણ ઉદાહરણ આપ્યુ. તેમણે જળવાયુ પરિવર્તન પર નિષ્ક્રિયતાના પરિણામો અંગે પણ ચેતવણી આપી છે. આ સાથે જ ગુટારેશે જળવાયુ પરિવર્તનની દિશા બદલવા માટે અને વધુ પ્રભાવી નેતૃત્વ અને ઈચ્છા શક્તિની અપીલ કરી હતી.

# કેએસવી ફેકલ્ટી ઑફ એજ્યુકેશન દ્વારા કાવ્યરચના-વાર્તાલેખન સ્પર્ધા યોજાઈ


કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, સેક્ટર-૨૩, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ સાહિત્યના વિવિધ સ્વરૂપોમાંથી કાવ્યના વિવિધ પ્રકારો વિશે તેમજ વાર્તા વિશે લેખનકાર્ય કરતાં શીખે તે હેતુથી તાજેતરમાં કાવ્યરચના અને વાર્તાલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું,જેમાં વિવિધ શાળા-કૉલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનું આયોજન પ્રા. નરેન્દ્રભાઈ નાયી દ્વારા કરવામાં આવ્યું હતું.

# પી આર ઠક્કર વિદ્યાલય ખાતે તાલુકાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન



ગાંધીનગર, તા. ૧૩

મગોડીમાં સ્થિત પી આર ઠક્કર વિદ્યાવિહાર ખાતે એસવીએસ કક્ષાના ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર તાલુકાની ૬૫ જેટલી શાળાઓના બાળવૈજ્ઞાનિકોએ ૧૧૦ જેટલી કૃતિઓ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે આયોજિત સમારોહના અધ્યક્ષ તરીકે હિતેન્દ્રભાઈ પટેલ તથા જિલ્લા શિક્ષણાધિકારી અને પ્રાચાર્ય આઈ પી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કેળવણી મંડળ તથા સ્ટાફ પરિવાર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# તાલુકા ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં આર જી - એસ બી શાળા ઝળકી

## શાળાની ત્રણ કૃતિઓ જિલ્લકક્ષાની સ્પર્ધામાં પહોંચી

ગાંધીનગર, તા. ૧૩

મગોડી મુકામે કાર્યરત પી આર ઠક્કર વિદ્યાલય ખાતે સુજલામ સુફલામ શાળા વિકાસ સંકુલનું તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળાના ૮ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ૧૬ વિદ્યાર્થિનીઓએ જુદા-જુદા વિષયો પર પોતાનાં પ્રોજેક્ટ રજૂ કર્યા હતાં. માધ્યમિક વિભાગમાંથી કુલ ૫ અને ઉચ્ચતર માધ્યમિક (સાયન્સ) વિભાગમાંથી કુલ ૩ કૃતિ વિદ્યાર્થિનીઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

આ કૃતિઓ પૈકી પંકજભાઈ પટેલના માર્ગદર્શનમાં તૈયાર થયેલી સૌર અને બાયોગેસ ઊર્જાનો ખેતીવાડીમાં ઉપયોગ અંગેની કૃતિ, ગણેશભાઈ પટેલના માર્ગદર્શનમાં તૈયાર થયેલી રિફાઈનર મેનેજમેન્ટ અંગેની કૃતિ અને વિમલભાઈ પટેલના માર્ગદર્શનમાં તૈયાર થયેલી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માટેની કૃતિ જિલ્લા કક્ષાના પ્રદર્શન માટે પસંદગી પામી છે. શાળાનાં આચાર્ય સુધાબેન પટેલ, સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ અને ગીતાબેન પટેલ દ્વારા સમગ્ર શાળા પરિવાર વતી વિજ્ઞાન મેળામાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ, શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## ભારત દુનિયાનો સૌથી વધારે મહેનત કરતો દેશ

ગાંધીનગર, તા.૧૩

ભારતમાં ૬૯ ટકા પૂર્ણ સમય કર્મચારી સપ્તાહમાં પાંચ દિવસ કામ કરીને ખુશ છે અને એક સર્વેક્ષણ અનુસાર ભારત દુનિયાનો સૌથી વધારે મહેનત કરતો દેશ છે. દેશના લગભગ ૭૦ ટકા કર્મચારીઓનું માનવું છે કે, તેમને સમાન વેતમાં કેટલાક દિવસ ઓછું કામ કરવાનું વિકલ્પ આપવામાં આવે, તો પણ તેઓ પાંચ દિવસ કાર્ય સપ્તાહને જ પસંદ કરશે.

કાર્યબળ વ્યવસ્થાપન સાથે જોડાયેલ અમેરિકાની એક બહુરાષ્ટ્રીય કંપની ક્રોનોસ ઈક્રોર્પોરેટેડના સર્વેક્ષણ અનુસાર આ સૂચીમાં ૪૩ ટકા કર્મચારીઓને સમાન મત સાથે મેક્સિકો બીજા અને ૨૭ ટકા સાથે અમેરિકા ત્રીજા સ્થાન પર છે. સર્વેક્ષણ અનુસાર, બ્રિટન (૧૬ ટકા), ફ્રાન્સ (૧૭ ટકા) અને ઓસ્ટ્રેલિયા (૧૯ ટકા) પાંચ દિવસના સ્ટાન્ડર્ડ કામ સપ્તાહથી ખુબ જ વધારે ખુશ નથી. તેમના અનુસાર, વેતન સમાન રહેવા પર દુનિયાભરનાએક તૃતીયાંશથી વધારે (૩૪ ટકા) કર્મચારી સપ્તાહમાં ચાર દિવસ અને ૨૦ ટકા કર્મચારીઓ સપ્તાહમાં ત્રણ દિવસ કામ કરવાની ઈચ્છા રાખે છે. જ્યારે દુનિયાભરમાં લગભગ એક ચોથાઈથી વધારે (૨૮ ટકા) કર્મચારી પાંચ દિવસના કાર્ય સપ્તાહથી સંતુષ્ટ છે. આ વર્ષ ૩૧ જુલાઈથી નવ ઓગસ્ટ વચ્ચે ૨,૭૭૨ કર્મચારીઓમાં કરવામાં આવેલા સર્વેક્ષણથી ખબર પડી છે કે, એક તૃતીયાંશથી વધારે (૩૫ ટકા) કર્મચારી દરેક સપ્તાહ એક દિવસ ઘટાડવાની જગ્યાએ ૨૦ ટકા ઓછું કામ કરવા માટે તૈયાર છે.

# એસબીઆઈના ગ્રાહકો એટીએમથી પણ ઉપાડી શકશે એફડીના પૈસા

ગાંધીનગર, તા.૧૩

બેંકમાં FD (ફિકસ્ડ ડિપોઝિટ) કરાવવાનો સૌથી સેફ અને બેસ્ટ ઓપ્શન માનવામાં આવે છે. એટલે જ દેશણાં FD ખુબજ પ્રચલિત છે. પણ આજકાલની આ ફાસ્ટ લાઈફ સ્ટાઈલમાં બેંક જઈને FD કરાવવી અને પછી તેને તોડીને પૈસા કઢાવવા અઘરું કામ થઈ જાય છે. તેથી આ મુશ્કેલીઓનું સમાધાન દેશની સૌથી મોટી બેંક જીમૈં લઈને આવી છે. SBI મલ્ટી ઓપ્શન ડિપોઝિટ (MOD) નામથી એક FDની સુવિધા આપે છે. તેમાં આપ આપની જરૂરિયાત પ્રમાણે ૧૦૦૦ રૂપિયાનાં મલ્ટીપલ્સ એટલે કે ગુણામાં પૈસા કાઢી શકો છો. આ વિડ્રોઅલ ATM દ્વારા કરી શકાય છે.

આપને જણાવી દઈએ કે MOD કરાવનારા ગ્રાહકો માટે તેને લિંકડ સેવિંગ્સ અકાઉન્ટમાં મિનિમમ મંથલી એવરેજ બેલેન્સ જરૂરી છે. આ એક પ્રકારની ટર્મ ડિપોઝિટ છે. પણ આ માટે સૌથી ઉત્તમ છે ગ્રાહકનાં સેવિંગ કે કરંટ અકાઉન્ટનું તેની સાથે લિંકડ હોવું. એવામાં જો ડિપોઝિટર તે લિંકડ અકાઉન્ટમાંથી પૈસા કાઢવા ઈચ્છે છે તો તે અમાઉન્ટ અકાઉન્ટમાં હાજર નહીં હોય તો પૈસા MODથી કાઢી શકે છે. MOD પર પણ એટલું જ વ્યાજ મળે છે જેટલું SBIમાં એક સામાન્ય FD પર મળે છે. વિડ્રોઅલ બાદ વ્યાજ MODમાં વધેલી રકમ પર મળવાનું શરૂ થાય છે.

આ માટે મિનિમમ ડિપોઝિટ લિમિટ ૧૦,૦૦૦ રૂપિયા છે. બાદમાં તેને આપ ૧૦૦૦ રૂપિયાનાં મલ્ટીપલ્સ એટલે કે ગુણામાં પૈસા ડિપોઝઈટ કરી શકાય છે. તેમાં મેકિસમમ અમાઉન્ટની કોઈ જ લિમિટ નથી.

તે એક વર્ષથી લઈને ૫ વર્ષ સુધીનાં સમય માટે ખોલાવી શકાય છે. તેને પ્રીમેચ્યોર વિડ્રોઅલની પણ સુવિધા છે. જોકે તેનાં પર TDS (ટેકસ ડિડકટેડ એટ સોર્સ) ચુકવવો પડે છે.

# જીઆઈડીસીના નિર્માણ માટે ૧૦૫૦.૩૨ હેક્ટર જમીન ફાળવાઈ

## નવી ૯ જીઆઈડીસી વાગોસણા, ઐઠોર, ઈન્દ્રણજ, ખીરસરા, છત્તર, વણોદ, નવા માઢીયા, નારી અને ભાટ ખાતે આકાર લેશે

ગાંધીનગર, તા.૧૩

મહેસૂલપ્રધાન કૌશિક પટેલ દ્વારા બહાર પાડવામાં આવેલી જાણકારી મુજબ નાના ઉદ્યોગો અને સ્વરોજગારીને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે રાજ્યમાં નવ ઔદ્યોગીક વસાહતો (GIDC)ના નિર્માણ માટે ૧૦૫૦.૩૨ હેક્ટર જમીનની ફાળવણી કરી દેવામાં આવી છે. આ પગલાંથી રાજ્યમાં સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો – MSME સેકટરને પ્રોત્સાહન મળશે. આ નવ જીઆઈડીસી વાગોસણા, ઐઠોર, ઈન્દ્રણજ, ખીરસરા, છત્તર, વણોદ, નવા માઢીયા, નારી અને ભાટ ખાતે આકાર લેશે. આ નવી જીઆઈડીસીઓના નિર્માણ થકી વધુ રોજગારી ઉપલબ્ધ બનશે.

પટેલે જણાવ્યું હતું કે પાટણ જિલ્લાના વાગોસણા ખાતે નિર્માણ થનાર જી.આઈ.ડી.સી. માટે ૫૧.૪૬ હેકટર, મહેસાણા જિલ્લાના ઐઠોર માટે ૪૭ હેકટર, આણંદ જિલ્લાના ઈન્દ્રણજ માટે ૪૦.૧૯ હેકટર, રાજકોટ જિલ્લાના ખીરસરા માટે ૯૨.૬૩ હેકટર, મોરબી જિલ્લાના છત્તર માટે ૨૪.૬૯ હેકટર, સુરેન્દ્રનગર જિલ્લાના વણોદ માટે ૩૭૧.૬૦ હેકટર, ભાવનગર જિલ્લાના નવા માઢીયા માટે ૩૦૦ હેકટર તથા નારી માટે ૧૧૫.૨૫ હેકટર અને ગાંધીનગર જિલ્લાના ભાટ ખાતે નિર્માણ થનાર જી.આઈ.ડી.સી. માટે ૭.૫૦ હેકટર જમીન ફાળવવાનો નિર્ણય કરાયો છે. આ ફાળવવામાં આવનાર જમીન પૈકી ૭૦ ટકા જમીન બજાર કિંમતના ૫૦ ટકા ભાવે તથા બાકીની ૩૦ ટકા જમીન પ્રવર્તમાન બજાર કિંમત અનુસાર જી.આઈ.ડી.સી.ને આપવામાં આવશે. જી.આઈ.ડી.સી. દ્વારા નાના ઉદ્યોગકારોને નક્કી કરેલ કિંમતના ૫૦ ટકા ભાવે પ્લોટ ફાળવવામાં આવશે.

જેમાં નવરચિત ત્રણ જિલ્લાઓમાં શિક્ષણને પ્રોત્સાહન હેતુ નવી જવાહર નવોદય વિદ્યાલયના નિર્માણ માટે ૩૬.૪૨ હેકટર જમીનની વિના મૂલ્યે ફાળવણી કરવામાં આવી છે. જેમાં બોટાદ જિલ્લાના બોટાદ ખાતે, મોરબી જિલ્લાના કોઠારીયા ખાતે અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ધતુરીયા ખાતે નિર્માણ થનાર આ વિદ્યાલયોને પ્રત્યેકને ૧૨.૧૪ હેકટર લેખે કુલ ૩૬.૪૨ હેકટર જમીન રાજ્ય સરકાર દ્વારા વિનામૂલ્યે ફાળવવામાં આવશે. લોજીસ્ટિક સેકટરને વધુ સુદ્રઢ બનાવવા અને વ્યાપ વધારવા અત્યાધુનિક કન્ટેનર ડેપોના નિર્માણ માટે રાજકોટ જિલ્લાના પરા પીપળીયા ખાતે ૧૨.૫૫ હેકટર જમીનની ફાળવણી કરવામાં આવી છે.

# તમાકુ કે નીકોટીનથી યુક્ત કોઈપણ પદાર્થના વેચાણ પર ગુજરાત સરકારે મૂક્યો પ્રતિબંધ

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નીકોટીન યુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પર એક વર્ષનો પ્રતિબંધ મૂકવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે, એમ ખોરાક ઔષધ નિયમન તંત્રના કમિશનર એચ.જી.કોશિયા દ્વારા જણાવાયું છે. એચ.જી.કોશિયાએ ઉમેર્યું કે, ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એક્ટ-૨૦૦૬ અન્વયેના નિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ આ પ્રતિબંધ મૂકાયો છે. જે હેઠળ કોઈપણ ખાદ્યચીજમાં તમાકુ કે નીકોટીન ઉમેરવું એ પ્રતિબંધ છે.

ગુટકામાં તમાકું કે નીકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ નુકશાન થતું હોય છે. જેથી નાગરિકો તથા ભાવિ પેઢીના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે ગુટકા પર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઈ આ નિર્ણય કરાયો છે.

# ૨૦ રાજ્યો આયુષ્યમાન ભારત યોજનાની શરૂઆત કરશે

ગાંધીનગર, તા.૧૩

દેશભરમાં આયુષ્માન યોજના લાગૂ કરવાને લઈને રાજ્યોને વીમા કંપનીઓ પર ભરોસો નથી. અને એટલા માટે જ ૨૦ જેટલા રાજ્યોએ આ યોજનાને ટ્રસ્ટ મોડલ પર લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. તો આ સીવાય ૮ રાજ્યોએ પોતાના રાજ્યમાં આયુષ્માન ભારત યોજના ડાઈબ્રિડ મોડલ પર લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. આયુષ્માન ભારત યોજના ૨૫ સપ્ટેમ્બરથી આખા દેશમાં લાગુ થવા જઈ રહી છે. આ યોજના અંતર્ગત દેશના આશરે ૧૦ કરોડ પરિવારોને વાર્ષિક ૫ લાખ રુપિયા સુધીની સારવાર ફ્રીમાં કરી આપવામાં આવશે.

પ્રાપ્ત વિગતો અનુસાર દેશના ૨૦ રાજ્યોએ આયુષ્માન યોજના ટ્રસ્ટ મોડલ પર લાગુ કરવાનો નિર્ણય કર્યો છે. એટલે કે આમાં વીમા કંપનીઓની કોઈ ભૂમિકા નહી હોય. રાજ્ય આયુષ્માન સ્કીમ માટે એક ટ્રસ્ટ બનાવશે અને આયુષ્માન યોજના અંતર્ગત લોકોના ઈલાજ પર થનારા ખર્ચની ચૂકવણી આ ટ્રસ્ટથી કરવામાં આવશે. દેશના મોટાભાગના રાજ્ય આ મોડલ પર જ સ્કીમ લાગુ કરવા ઈચ્છી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર દેશના ૮ રાજ્યોએ આયુષ્માન ભારત યોજનાને હાઈબ્રિડ મોડલ પર લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. હાઈબ્રિડ મોડલમાં ઈંશ્યોરન્સ અને ટ્રસ્ટ બંન્ને મોડલ હોય છે.

ઉદાહરણ તરીકે જોવા જઈએ તો. જો આયુષ્માન યોજના અંતર્ગત કોઈ લાભાર્થીએ ઈલાજ કરાવ્યો તો એક લાખ રુપિયા સુધીની ચૂકવણી વીમા કંપની કરશે. તો ઈલાજનો ખર્ચ ૧ લાખ રુપિયાથી વધારે છે તો તેની ચૂકવણી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવશે.